ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૩૯ ટકા

# શહેરમાં શાકભાજીના ભાવમાં ધરખમ ઘટાડો

## નવા વર્ષની શરૂઆતમાં જ શાકભાજીના ભાવમાં ઘટાડો થવાથી ગૃહિણીઓ ખુશ



ગાંધીનગર, તા.૩

શહેરમાં હમણાંથી શિયાળો શરૂ થતા જ શાકભાજીના ભાવમાં વધારો થયો હતો. લીલા શાકભાજીના ભાવ ૭૦ થી ૮૦ રૂપિયે કિલો થયા હતા. બટાકાના ભાવ પણ ૭ રૂપિયે કિલોએ પહોંચ્યા હતા. ડુંગળી તો સામાન્ય નાગરિક ખરીદી શકે તેમ હતું જ નહી. એક સમયે ડુંગળી પણ ૮૦ થી ૧૦૦ રૂપિયે કિલોએ વેચાઈ રહી હતી. શિયાળાની સિઝન જામતા જ લીલા શાકભાજીની ડીમાન્ડ વધે છે. પરંતુ આ વર્ષે ડિસેમ્બર મહિના સુધી લીલા શાકભાજી પણ મોંઘા હોવાથી શહેરીજનોએ પ્રમાણમાં શાકભાજીની ખરીદી કરી નથી ત્યારે હવે વર્ષ ૨૦૨૧ શરૂ થતાં જ શાકભાજીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. દરેક શાકભાજી લગભગ ૩૦ થી ૫૦ રૂપિયે કિલો એમ વેચાઈ રહ્યા છે.

શહેરમાં શિયાળાને કારણે ખાસ લીલા શાકભાજીની ડિમાન્ડ વધી છે ત્યારે જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ શહેરમાં શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ડુંગળી ૪૦ રૂપિયે કિલો, બટાકા ૩૦ થી ૩૫ રૂપિયે કિલો, ગાજર ૩૦ રૂપિયે કિલો, ભીંડા ૩૦ રૂ. કિલો, પાલક ૧૦ રૂ.ની બે ઝુડી, ટમેટા ૨૦ રૂપિયે કિલો, કેપ્સીકમ ૪૦ રૂપિયે કિલો, બીટ ૨૦ રૂ. કિલો, કોબીજ ૨૦ રૂ. કિલો, બીન્સ અને વટાણા ૪૦ રૂપિયે કિલો, કારેલા ૩૦ રૂપિયે કિલો, દૂધી ૩૦ રૂપિયે કિલો, રીંગણા ૨૦ થી ૩૦ રૂપિયે કિલો, કાકડી ૩૦ રૂ. કિલો એમ શહેરના શાકભાજી માર્કેટમાં વેચાઈ રહ્યા છે. ઠંડીની ઋતુને કારણે શહેરના ઘરે ઘરે રીંગણના ઓળા સાથે હળદરીયું બની રહ્યા છે. માટે શહેરમાં ખાસ હળદર, રીંગણા, ડુંગળી અને ટમેટાની માંગ છે. શિયાળાની મોસમમાં ગાજરની આવક વધી છે અને શહેરના ઘરે ઘરે ડેઝર્ટમાં ગાજરનો હલવો બની રહ્યો છે ત્યારે શહરીજનોની ગાજર માટેની માંગ પણ વધી છે. શિયાળામાં લીલા વટાણા, તુવેર અને બીન્સ પણ ડાયટમાં વધુ લેવાય છે જેથી અમુક વર્ગ માટે વટાણા અને બીન્સ પણ હોટ ફેવરીટ છે. આમ, શાકભાજીના ભાવ જાન્યુઆરી મહિનાની શરૂઆતથી ઘટતા જ નવા વર્ષમાં ખાસ ગૃહિણીઓ ખુશ છે.









ઉત્તરાયણ પર્વની સમગ્ર ગુજરાતમાં નાના બાળકોથી લઈ મોટા સૌ આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. કોરોનાના કારણે તહેવારોની ઉજવણી પણ સીમિત બની ગઈ છે. જયારે ઉત્તરાયણમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાતું હોવાથી શહેરીજનોને આશા છે કે આ પર્વ તો આનંદપૂર્વક કોરોના ગાઈડલાઈન્સ જાળવીને ઉજવી શકાશે. ઉત્તરાયણને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે બજારમાં હજુ માહોલ તો જામ્યો નથી પરંતુ નાના બાળકો તો પતંગ ઉડાડવાની મજા અત્યારથી જ ખૂબ લૂંટી રહ્યા છે. વળી આ વખતે તો બજારમાં ગો કોરોના ગો અને ૨૦૨૧ને આવકારતા પતંગો જોવા મળી રહ્યા છે.

# સિ.સિ.કા. દ્વારા જુદી જુદી સંસ્થાઓને આર્થિક સહયોગ પૂરો પાડવામાં આવ્યો

ગાંધીનગર, તા.૩

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર એક વરિષ્ઠ સભ્યોની સંસ્થા હોવાને કારણે કોરોના જેવી મહામારીના વિશ્વ વ્યાપી કહેરના કારણે તેમની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે અસમર્થ હતી. જેથી માર્ચ ૨૦ થી લોકડાઉન જેવી પરિસ્થિતિને લીધે મહદ અંશે પ્રવૃત્તિઓ સ્થગિત કરવાની ફરજ પડી હતી. જેથી જરૂરિયાતવાળી સંસ્થાઓને આર્થિક સહયોગ પૂરો પાડવા માટે (જેમાંથી સંસ્થા અનાજ કરિયાણું તેમજ અન્ય જરૂરિયાતની સામગ્રી લાવી શકે) નિર્ણય લેવામાં આવ્યો અને આ નિર્ણયને અનુલક્ષીને (૧) ઉત્તર ગુજરાત વિકલાંગ કલ્યાણ સંઘ વિસનગર, જેમાં દિવ્યાંગોને તાલીમ આપવામાં આવે છે (૨)રાહેલબા વૃદ્ધાશ્રમ, મગોડી તથા (૩) કૈલાસ ધામ વૃધ્ધાશ્રમ પેથાપુર, આ ત્રણેય સંસ્થાઓને કાઉન્સિલ દ્વારા રૂ. ૧૧૦૦૦/-નો આર્થિક સહયોગ પૂરો પાડવામાં આવ્યો, જેમાંથી તેઓ જરૂરિયાત મુજબનું અનાજ કરિયાણું લાવી શકે.

કાઉન્સિલની ફરતા દવાખાનાની સેવા હાલ ચાલુ છે જે નગરની આજુબાજુના બારેક જેટલા ગામોમાં જઈ રૂબરૂ દવા આપવાની સેવા કરે છે તથા કોરોના જેવા કઠિન કાળમાં પણ ફરજ બજાવે છે, જે માટે દવાખાનાના ડોકટરશ્રી, કમ્પાઉન્ડર તેમજ ડ્રાઈવરને ખુબ ખુબ ધન્યવાદ પાઠવવામાં આવે છે. તદુપરાંત એમ્બ્યુલન્સ વાન સેવાની કામગીરી પણ અવિરત ચાલુ છે જે માટે તેમના ચાલકને પણ ધન્યવાદ પાઠવવામાં આવે છે. અખબારી યાદીના માધ્યમથી કાઉન્સિલના નવેમ્બર તથા ડિસેમ્બર માસમાં દિવંગત થયેલા ૧૪ જેટલા સભ્યોને શ્રદ્ધાંજલિ આપી હતી.

# સે-૨૧ રીક્ષામાંથી બાર બોરની બંદુક સાથે શખ્સ ઝડપાયો

## ઈટાદરા-બોરૂ માર્ગ પર એરગન સાથે યુવક પકડાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલ પાસેના સર્વિસ માર્ગ પર રીક્ષામાંથી બાર બોરની બંદુક સાથે એક વ્યકિતને એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. એલસીબી પોલીસે રૂ.૧૦ હજારની બંદુક, રૂ.૧૫ હજારની રીક્ષા અને ફોન મળી કુલ રૂ.૨૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આરોપી સામે સે-૨૧ પોલીસ મથકે હથીયાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન લોકરક્ષક જયોતિકુમારીને બંદુક જેવા હથીયાર અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સે-૨૧ માઉન્ટ કાર્મેલથી ડિસ્ટ્રીક શોંપીગ તરફ જતા સર્વિસ માર્ગ પર ઝાડી પાસેથી રીક્ષા નં.જી.જે.૦૧.બી.ટી.-૪૧૬૫ લઈને ઉભા રહેલા વ્યકિતને પકડી પાડ્યો હતો. રીક્ષાના પાછળના ભાગે બંદુક જેવું હથીયાર પડેલુ હતું. પોલીસે આરોપીનું નામ પુછતા તે સેકટર-૧૯ પુનીતવન ખાતે છાપરામાં રહેતો સુરેશ જશુજી ઠાકોર (મુળ રહે. તેરવાડા, બનાસકાંઠા) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે કવરમાં મુકેલી વસ્તુ ચેક કરતા તે બારબોરની બંદુક હતી. જેમાં લોખંડના બેરલ, ટ્રીગર તથા લાકડાનું બટ હતું. પોલીસના હાથે પકડાયેલ શખ્સ બંદુક વેચવાની ફીરાકમાં ફરતો હતો તે સમયે ઝડપાઈ ગયો હતો. જો કે તે બંદુક ક્યાંથી લાવ્યો હતો તે અંગે તેને સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી પોલીસે બંદુક, રીક્ષા અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૫,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી એલસીબી પોલીસે આરોપી સામે સે-૨૧ પોલીસ મથકે હથીયારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજીતરફ એલસીબીની ટીમ માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કરણસિંહને આરોપી અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ઈટાદરા થી બોરૂ જતા માર્ગ પરથી એરગન સાથે અલી અહેમદભાઈ સિંધી (રહે.રજવીપુરા, ઈટાદરા, માણસા) ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસે રહેલી એરગનનુ પાસ પરમીટ માંગતા તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી પોલીસે રૂ.૫૦૦ ની કિંમતની દેશી બનાવટની એરગન જપ્ત કરી હતી. એલસીબી પોલીસે માણસા પોલીસ મથકે હથીયારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સરઢવ ગામે મુસાફર રીક્ષાનું ભાડુ ચુકવ્યા વિના જતા રહેતા હોબાળો

સરઢવ ગામે રીક્ષાના ભાડા અંગે રીક્ષા ચાલક અને અન્ય શખ્સ વચ્ચે મારામારી થઈ હતી. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગામે રહેતા ૬૦ વર્ષિય વૃધ્ધા કલાવતીબેન પોપટભાઈ શાહ રૂપાલથી કલોલ રીક્ષામાં બેસીને જઈ રહ્યા હતા. આ સમયે સરઢવ ગામના પાટીયા પાસે મુસાફર રીક્ષાનું ભાડુ ચુકવ્યા વિના જતો રહ્યો હતો. જેથી રીક્ષા ચાલક મુસાફરને બોલતો હતો. તે સમયે પાસેથી પસાર થનાર એક વ્યકિત અમારા ગામના મુસાફર સાથે કેમ માથાકુટ કરે છે કહી અપશબ્દો બોલવા લાગ્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાયેલા વ્યકિતએ રીક્ષા ચાલકની ફેંટ પકડીને મારામારી કરી હતી. જેથી રીક્ષામાં સવાર વૃધ્ધા ચાલકને બચાવવા માટે વચ્ચે પડ્યા હતા. ત્યારે ઉશ્કેરાયેલા શખ્સે વૃધ્ધાને પણ ગડદાપાટુનો માર મારી ધક્કા મારી નીચે પાડી દીધા હતા. હોહા થતા ગામના નાગરીકો દોડી આવતા સમગ્ર મામલો શાંત પાડ્યો હતો. જયારે હુમલો કરનાર શખ્સ સરઢવનો દિલિપ રામાભાઈ ગઢવી હોવાનું સામે આવ્યું હતું. જયારે ઈજાગ્રસ્ત વૃધ્ધાએ સમગ્ર મુદ્દે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# દિવ્ય જીવન સંઘ દ્વારા ઓનલાઈન યોગ પ્રશિક્ષણ

ગાંધીનગર, તા.૩

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખા દ્વારા છેલ્લા ૨૧ વર્ષથી નિઃશુલ્ક યોગનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. લોકડાઉનના કારણે ૯ જૂન ૨૦૨૦થી ફેસબુક પર ઓનલાઈન દૈનિકયોગના વર્ગોનું નિઃશુલ્ક સંચાલન કરવામાં આવી રહ્યું છે. જેમાં દેશ વિદેશના આશરે ૧૧૦૦ સભ્યો નોંધાયા છે. ઓનલાઈન દૈનિકયોગના અભ્યાસમાં જોડાવા માટે ફેસબુક પરની લીંકમાં જોડાવાનું હોય છે. અને આ લીંક મેળવવા માટે મો.નં. ૯૮૨૪૦ ૫૫૧૮૭ પર મેસેજ કરવાનો રહેશે. જેથી લીંક તમને મોકલવામાં આવશે. શાખાના ઉપપ્રમુખ અને યોગાચાર્ય અશ્વિન દવે દ્વારા આ વર્ગોનું સંચાલન કરવામાં આવે છે તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગરના બાળકોને તાલીમ માટે અમદાવાદના આશ્રયે રહેવું ના પડે તે જ ધ્યેય

## સ્વબળે રણજી ટ્રોફી ક્રિકેટર બનેલા ગાંધીનગરના સલિલ યાદવના સંઘર્ષે તેમને ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ વધુ નિખાર્યો

## અત્યારે શહેરના બાળકોને ઘર આંગણે જ આધુનિક તાલીમ મળે તે માટે અથાગ મહેનત કરી રહ્યા છે




ગાંધીનગર, તા.૩

ઈન્ડિયા.. ઈન્ડિયા.. એવી બૂમો તમને સંભળાય તો સમજી જવાનું કે ભારતની કોઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ ચાલી રહી છે. કપિલદેવની આગેવાનીમાં ૧૯૮૩માં અકલ્પનીય રીતે ક્રિકેટ વિશ્વકપ જીત્યો તે પહેલાથી ભારત ક્રિકેટ ક્રેઝી રહ્યું છે અને સચિન તેંદુલકરના આગમન પછી તો એવું કહેવાતું થયું હતું કે ''ભારતમાં ક્રિકેટ એક ધર્મ છે અને સચિન તેંદુલકર તેના ભગવાન છે.'' ભારતે વિશ્વને અઢળક મહાન ખેલાડીઓ આપ્યા છે. બાળપણમાં જેમનો પાઠ ભણ્યા હતા તે સી.કે.નાયડુથી માંડીને એમ. એસ. ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા સુધીના ક્રિકેટરોનું યોગદાન તો સૌને યાદ હોય છે પરંતુ આવા મહાન ખેલાડીઓની પાછળ અઢળક એવા પણ ખેલાડી હોય છે જેમના નામ કદાચ તેમના શહેર કે ગામમાં કોઈને યાદ નથી હોતા પરંતુ સ્થાનિક ખેલાડીઓ માટે તે માત્ર ઉત્તમ માર્ગદર્શક જ નહીં પરંતુ તેમના રોલ મોડેલ સમાન હોય છે. ગાંધીનગર ભલે ગુજરાતની રાજધાની રહ્યું પરંતુ આ શહેરના ક્રિકેટર્સને પોતાની પ્રતિભા ઝળકાવવા જેટલી તક કે સુવિધા મળવી જોઈએ તેટલી મળી નથી પરંતુ આ શહેરમાં કેટલાક એવા પણ ખેલાડીઓ છે જે સ્થાનિક પ્રતિભાને માત્ર પ્રોત્સાહિત જ નથી કરતાં બલ્કે તેમની કારકિર્દી ઘડતર માટે કાર્યરત પણ બની રહ્યા છે. એવા જ એક ખેલાડીની આજે વાત કરવી છે જે ઘણો સંઘર્ષ કરી રણજી ટ્રોફી સુધી પહોંચી અનેકવાર ઝળકી ચૂક્યા છે અને હવે પાટનગરની બાળ પ્રતિભાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકે તેને જ તેમનો જીવન ઉદ્દેશ બનાવી પોતાના સમય–નાણાં-આવડત-મહેનત બધુ નિચોવી રહ્યા છે અને તેમાં જાણે પોતે જ મેચ રમતા હોય તેટલો સંતોષ મેળવી રહ્યા છે.

ગાંધીનગરના સુઘડ ગામના મૂળ વતની અને કેન્દ્ર સરકારમાં પબ્લિક પ્રોસિક્યુટર રહેલા ગિરિશચંદ્ર યાદવ અને તેમના પત્ની રાધાબેનના પાંચ સંતાનો પૈકી સૌથી નાના દીકરા સલિલ યાદવ શહેરના એક એવા ક્રિકેટર છે જેઓ રણજી ટ્રોફીમાં જાણીતા ખેલાડી રહી ચૂક્યા છે અને એક તબક્કે આઈપીએલની ચેન્નઈ સુપરકિંગ્સ ટીમમાં પસંદગી પામ્યા હતા પરંતુ સીએસકેની ફાઈનલ ઈલેવન સુધી પહોંચતા રહી ગયા છે. પોતાની કારકિર્દીમાં ક્રિકેટ શીખવા માટે કાચી વયે દિવસમાં બે વાર અમદાવાદ સુધી દરરોજ અપડાઉન કરવા સાથે અઢળક ચઢાવ-ઉતારનો અનુભવ કરનાર સલિલ યાદવનો અત્યારે એક જ ધ્યેય છે કે ''મારે ગાંધીનગરના બાળ ખેલાડીઓને ક્રિકેટમાં કારકિર્દી ઘડવા માટે મારી જેમ અમદાવાદના આશ્રિત ના રહેવું પડે તેવું કઈક કરું'' અને આ જ ઉદ્દેશથી તેમણે શહેરના પોતાના સાથી ક્રિકેટર્સ મિત્રો સાથે મળીને ''ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડેમી''ની સ્થાપના કરી છે અને આધુનિક સુવિધાઓ સાથે બાળકોને અનુભવી કોચિંગ મળી રહે તે માટે કાર્યરત છે.






અત્યારે સેક્ટર-૮માં રહેતા સલિલ યાદવના ઘરમાં જ પહેલેથી જ ક્રિકેટનો ક્રેઝ છવાયેલો હતો અને જ્યારે તેઓ ધોરણ-૫માં અભ્યાસ કરતાં હતા ત્યારે સેક્ટર-૨૧માં પિતા સાથે શાકભાજી લેવા જતાં ત્યારે બાજુના જીમખાનામાં ક્રિકેટ રમાતી જોઈને રોમાંચ અનુભવતા હતા. આ દરમ્યાન તેમની શાળામાં સ્પોર્ટ્સ ટીચર ગોવિંદ પંચાસરાએ ક્રિકેટ કોચિંગનો કેમ્પ શરૂ કર્યો તેમાં તેઓ મિત્રો સાથે જોડાઈ ગયા હતા. આ પછી તેઓ જીમખાનાના કોચિંગ કેમ્પમાં પણ તાલીમ લીધી અને ત્યારબાદ તેઓ સ્કૂલની ટીમમાં રમવા લાગ્યા હતા ધોરણ-૧૧થી તેમણે અમદાવાદની સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો અને ત્યાં બે- બે ટિફિન લઈને પહોંચી જતાં જેથી અભ્યાસ પતાવીને ક્રિકેટ કોચિંગ મેળવી શકે. તેઓ રાઈટ આર્મ લેગ સ્પિનર તરીકે વિકાસ પામ્યા અને માત્ર ૧૬ વર્ષની વયે તેમણે ગાંધીનગર ખાતે યોજાયેલી સિંટેક્ષ ટુર્નામેંટની ફાઈનલમાં ૩ વિકેટ ઝડપી પ્રસંશા મેળવી હતી. કોલેજમાં આવ્યા પછી સવારનો સમય હોવાથી મુશ્કેલી બમણી થઈ કેમકે સવારે ૬ વાગે નીકળીને કોલેજ જવું પડે અને બપોરે પરત આવી પાછું સાંજે કોચિંગ માટે ફરી અમદાવાદ જવાનું, આમ છતાં તેઓ મહેનતમાં કસર નહોતા છોડતા. યુનિવર્સિટી વતી ગોરધનદાસ મેજર ટૂર્નામેંટમાં સારા પ્રદર્શન પછી પણ જીસીએની અંડર-૧૯ ટીમમાં તેમની પસંદગી ના થવાથી નિરાશ થયા ત્યાં પછીથી ખબર પડીકે તેમને ઉપરની કેટેગરી અંડર-૨૨ની ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે. આ પછી તેમણે ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટૂર્નામેંટમાં ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ વતી ચાર મેચમાં ૨૯ વિકેટ ઝડપી પોતાનો સિક્કો જમાવી દીધો હતો જેના આધારે તેમને ફરી અંડર-૧૯ની ટીમમાં સ્થાન મળ્યું અને ફરી ૪ મેચમાં ૧૮ વિકેટ ઝડપી વેસ્ટ ઝોન ટીમ માટે પસંદ થયા જેના પ્રદર્શનના આધારે નેશનલ ક્રિકેટ એકેડેમીમાં સ્થાન મેળવ્યું પછીના બીજા વર્ષે ગુજરાત વતી રણજી ટ્રોફીમાં રમ્યા હતા અને ૨૦૦૪માં તેમણે સ્પોર્ટ્સ ક્વોટા પર બીએસએનએલમાં નોકરી પણ પ્રાપ્ત થઈ.

સલિલ યાદવે પોતાની કેરિયરમાં ૨૨ રણજી મેચ રમી છે, પરંતુ ૨૦૦૫માં તેઓ ટીમમાંથી પડતાં મુકાયા હતા તે પછીનો ત્રણ વર્ષનો ગાળો તેમના માટે ખુબ જ સંઘર્ષભર્યો રહ્યો હતો તેમ છતાં મક્કમ મનોબળ અને અગાધ મહેનતથી તેઓ ટીમમાં પરત ફર્યા હતા અને ૨૦૦૯માં પંજાબ સામે મોહાલીમાં ૬ વિકેટ ઝડપી અને સુરતમાં સૌરાષ્ટ્ર સામે ૪ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચ બન્યા હતા. આ સાથે તેઓ બેંગલોર લીગ અને સૌરાષ્ટ્ર લીગ પણ રમ્યા હતા. તેઓ એક મેચ રમી રહ્યા હતા ત્યારે તેમની આઈપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સમાં રૂ.૩૦ લાખના સ્લોટમાં પસંદગી થઈ હતી અને સીએસકે વતી સ્ટીફન ફ્લેમિંગની તાલીમ સાથે ધોની સહિતના ખેલાડીઓ સાથે ઘણી પ્રેક્ટિસ મેચ રમ્યા પરંતુ ફાઈનલ ઈલેવનમાં સ્થાન મેળવવામાં નસીબે સાથ ના આપ્યો. અનિલ કુંબલેને પોતાનો આદર્શ માનતા સલિલ યાદવ પોતાની કેરિયર માટે કોચ નવીન શર્મા, ગોવિંદ પંચસરા સહિત ગાંધીનગરના સિનિયર રણજી પ્લેયર હેમલ વાટેકરને પોતાના રોલ મોડેલ માને છે. સલિલ યાદવે સાથી ક્રિકેટરો સાથે મળીને ૨૦૧૯માં ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસીએશની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી છે અને સ્પોર્ટ્સ એકડેમીની સ્થાપન થકી શહેરના બાળ ક્રિકેટર્સને આધુનિક ઢબે તાલીમ આપવા સેક્ટર-૮ના સમર્પણ ગ્રાઉન્ડ પર શહેરના ક્રિકેટર મિત્રો ઝહીર મનસુરી, દ્વિજય શર્મા, મંથન શાહ, પરાગ પટેલ વગેરે સાથે મળીને લોકડાઉન દરમ્યાન આખી આખી અનેક રાતો અને દિવસોની મહેનત કરીને ઝાડી ઝાંખરાંવાળી બંઝર જમીનમાં ક્રિકેટ માટે નંદનવન ઊભું કર્યુ છે જેમાં અત્યારે શહેરના ૬૦થી વધુ બાળકો ક્રિકેટની પધ્ધતિસરની તાલીમ મેળવી રહ્યા છે જેમાં જીમ-યોગ સહિત નિષ્ણાત કોચની તાલીમ ઉપલબ્ધ કરાવી રહ્યા છે. સલિલ યાદવનો એક જ ધ્યેય છે કે મારી જેમ હવે ગાંધીનગરના બાળકોને ક્રિકેટની તાલીમ માટે અમદાવાદનાં આશ્રયે રહેવું ના પડે એટલે બસ.

- પ્રતિભાવો આવકાર્યઃ
samirtalod@gmail.com

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ભટ્ટ દેવશંકર મણીલાલ, ઉ.વ. ૮૮, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. વણઝારા જશીબેન હીરાજી, ઉ.વ. ૬૫, ધોળાકુવા, ગાંધીનગર
- સ્વ. વણઝારા બાબુજી જીવાજી, ઉ.વ. ૪૯, સેકટર-૨૫, ગાંધીનગર
- સ્વ. ઠાકોર મંગાજી ખાતુજી, ઉ.વ. ૬૦, ગિયોડ, તા.જી. ગાંધીનગર
- સ્વ. મંગળદાસ મોહનલાલ પારેખ, ઉ.વ. ૮૬, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. પટેલ મહેન્દ્રભાઈ માધવલાલ, ઉ.વ. ૭૦, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. દેવીબાઈ ધુડાજી પ્રજાપતિ, ઉ.વ. ૮૦, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. અશોકભાઈ ગીરીશભાઈ સોલંકી, ઉ.વ. ૪૬, સે-૨૦, છાપરાં, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. સોલંકી રમણલાલ અમરતલાલ, ઉ.વ. ૬૩, બોરીસણા, તા. કલોલ
- સ્વ. ઠાકોર બચુજી છગનજી, ઉ.વ. ૬૫, મુ. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. મકવાણા નાનજીભાઈ હીરાભાઈ, ઉ.વ. ૮૫, સેકટર-૧૨, ગાંધીનગર
- સ્વ. ઘનશ્યામભાઈ કુબેરભાઈ પટેલ, ઉ.વ. ૬૯, ત્રીમંદિર, અડાલજ, ગાંધીનગર